## મુજે નહીં પતા કી મેરી લાઇફ સ્ટોરી કયા હોગી લેકિન

## ઉસમે એ કભી નહીં લીખા હોગા કી મેને હાર માન લી

જ્યારે મારો ઓફિસનો પહેલો દિવસ હતો ત્યારે મને બોવ બીક લાગતી હતી. કે ત્યાં જઈશ એટલે શું થશે, ત્યાં કેવું હશે. ત્યાં મને બધા કેવી રીતે જોશે, બધા મારા વિશે કેવું વિચારશે, મારા માટે કેવી સુવિધા હશે, મને ત્યાં ફાવશે કે નહીં, આવા મારા મનમાં અનેક પ્રશ્ન થયા પણ અહીં તો કંઈક અલગ જ બને છે આજે આટલા મહીના પસી મારા મનમાં એક પણ સવાલ નથી.

હું પહેલા દિવસે ઓફિસ આવી તો પેલા ખેડૂતો જેમ વરસાદ ની રાહ જોવે છે, તેમ ઓફિસ માં બધા મારી રાહ જોઈ રહિયા હતા. અમારા કેશવસર ઘરે થી ચાલીને આવીને મારા માટે ખુરશી લઈને લીફટ પાસે ઉભા રહિયા હતા, ત્યારે મને જોઈ ને થયું ઓહ આટલું બધુ મારા માટે અને હું અને કેશવસર ઓફિસ માં ગયા. આજે મને બોવ મજા આવી ત્યાં મારુ પર્સનલ કમ્પ્યુટર મળી ગયું અને એમ થયું કે મારી જગ્યા છે મને કામ કરવાની તક મળી, જયા હું મારી જાત ને સાબિત કરી શકીશ એ મારી શરૂઆત હતી તેવી મને જગ્યા મળી કે હું કંઈક કરીશ.

મારું બોવ સારી રીતે સ્વાગત કરવામાં આવ્યું કે મને પહેલા દિવસે એવું ના લાગ્યું કે હું નવી છું અને એ લોકો જૂના છે. શરૂઆત માં બધા એ મને સારી રીતે સ્વીકારી પણ મને એવું લાગતું હતું કે બધા સાથે મારો આત્મીયતા નો સંબંધ બંધાશે કે કેમ, મને બધા સાથે ફાવશે કે કેમ, એ લોકોને મારી સાથે ફાવશે કે કેમ, મને કામ કરવું ફાવશે કે કેમ એવું લાગતું હતું પણ ઓફિસ માં એવું વાતાવરણ બની ગયું કે અમે બધા ક્યારે ભળી ગયા ખબર જ ના રહી, મળવાની કોઈ ચોક્કસ શણ ના હોય એ સમય આવે ઍટલે ધીમે-ધીમે અનુભવો થતાં જાય બધી પ્રક્રિયા થતી જાય અને ક્યારે એકબીજાની નજીક આવી જઈએ ખબર જ ના રહે, એવી જ રીતે અમે બધા ભળી ગયા અને ક્યારે એક પરિવાર બની ગયા ખબર જ ના રહી અને આજે હું હોસ્ટેલમાં રહું છું તો મારા પરિવારની યાદનો ખાલીપો મને ક્યાંક ક્યાંક દૂર કરે અને મને પ્રેમ અને હૂંફ આપી રહ્યા છે અને મને હોસ્ટેલ કરતાં ઓફિસ મજા આવે છે. શરૂઆત માં મને એમ લાગતું હતું કે હું એક મહિનો પણ નહીં રહી શકું પણ આજે મારે ઘણા મહીના થઈ ગયા છે, કેમ સમય જતો રહિયો ખબર જ ના રહી.

મારો પહેલો દિવસ હતો ઍટલે ક્રિષ્નાબેન તેમના ઘરે થી બધા માટે લન્સ બનાવીને લાવ્યા હતા, અને અમે બધા સાથે બેસીને લન્સ કર્યો અને હાલ માં પણ બધા સાથે જ બેસીને લન્સ કરીએ છીએ અને સાથે બેસીને જ બધા ચા પીએ છીએ. મારે કોઈ પણ પ્રશ્ન હોય તો હું બધાને વાત કરી શકું છું. બહાર જવાનું હોય તો પણ બધા સાથે જઈએ છીએ.

જ્યારે અમે ડિસેબલ લોકો નોકરી માટે કંપની અથવા કોઈ સંસ્થા માં ઇન્ટરવ્યુ આપવા જઈએ ત્યારે એ લોકો ને એવું લાગે કે આ ડિસેબલ વ્યક્તિ કઈ કામ નહીં કરી શકે પણ આ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં કઈ પણ વ્યક્તિએ એવું વિચારીયા વગર મને એક્સેપ્ટ કરી છે અને હંમેશા કરતાં રહેશે. તેથી જ કહેવાય છે કે  મળે જો કોઈ નો સાથ તો હિમાલય પણ સર થઈ જાય છે તેમ આ પ્રભાત મને સાથ આપે છે. બસ એવી જ રીતે પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનનો સાથ મળ્યો છે તો એવું લાગે છે કે હું મારી મંજિલ સુધી પહોંચી શકીશ અને મારી નૈયા પાર થઈ જશે.

કોઈ પણ ડિસેબલ વ્યક્તિ એવું નથી વિચારતાં કે તેમને સારી ફેસીલીટી મળે, તેને અલગ ઓફિસ મળે, તેની માટે અલગ બધી સુવિધા હોવી જોઈએ એવું નથી વિચારતાં, પણ તેમને સારી રીતે બોલાવો, તેમની સાથે સારો વ્યવહાર કરો, તેમને માન સન્માન આપો, તેમની કયારેય હસી ના ઉડાવવી જોઈએ ઍટલે તેમને બધુ આવી જાય. બસ એવી જ રીતે આ પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાં ક્યારે કોઈ વ્યક્તિએ એ એવું નથી વિચાર્યું કે હું ડિસેબલ છું મને હંમેશા બધાની સાથે જ રાખી છે તેથી જ મને એવું લાગે છે કે હું ડિસેબલ નથી પણ નોર્મલ છું. જીત એ માણસને ક્યારેય મળતી નથી પણ તેને છીનવી લઈને હાંસલ કરવામાં આવે છે. આવી જ રીતે મે પ્રભાત જોઇન કરીને જીત મેળવી છે. મારા માટે પ્રભાત માં છે તેમ બધી કંપની અને બધી સંસ્થામાં આવું હોવું જોઈએ અને રાખવું પણ જોઈએ.

અમારા પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનમાંથી એક રાજસ્થાનની ટ્રિપ નું આયોજન કરવામાં આવિયું હતું. તેમાં મને પણ લઈ ગયા હતા. અને ચાર દિવસ સુધી આખા સ્ટાફ સાથે હું વ્હીલચેર માં મને ફેરવી છે તેથી હું બધાનો આભાર વ્યક્ત કરું છું અને ખાસ તો હું ક્રિષ્નાબેન, કિશોરભાઈ અને નિકુલભાઈ નો આભાર વ્યક્ત કરું છું કે એ લોકો મને બધી જગ્યા પર વ્હીલચેર માં ફેરવી અને બધુ બતાવ્યું. એ લોકો એ મને બસ માંથી નિસે ઉતરવા જ નથી દીધી ડાયરેક્ટ વ્હીલચેર માં જ બેસાડતા હતા. હકીકત માં મને બહુત મજા આવી અને બધાનો આભાર માનું છું.

હાલ માં હું પ્રભાત માં એડમિનિસટ્રેટરની ફરજ બજાવી રહી છું, થોડું એકાઉન્ટ નું કામ પણ કરું છું. અને મારા માં ઘણી બધી સ્કિલ છે પણ તેને કેવી રીતે બાર લાવું એનો કોઈ મને આઇડિયા ના હતો પણ આ પ્રભાતમાં મારી સ્કિલ ને બહાર લાવવની મને તક મળી અને હવે હું સ્કિલ નો સારી રીતે ઉપયોગ કરીશ. મારી સ્કિલ ના કારણે આજે મને લીડરશિપ ની તક મળી છે, હું મહિનામાં એક વાર અમારા વટવા, દાણીલીંબડા ની વિઝિટ કરું છું અને બાળકો ને વોકેશનલ નું શિખવાડું છું બાળકોને પણ મજા આવે છે તે મન થી શિખશે અને મને પણ બધા બાળકો ને જોઈ ને આનંદ થાય કે મે બાળકોને શિખવાડિયું અને તે શીખી ગયા. અમારા પ્રભાત માં ૮ માર્ચ મહિલા દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે મે અમારા દાણીલીંબડા સેંટર માં બાળકોને ફ્રેન્ડશીપ બેન્ડ બનાવતા શિખવાડિયા હતા અને બધા બાળકો શીખી ગયા અને ૧૧૦ ફ્રેન્ડશીપ બનાવ્યાં હતા અમે મહિલા દિવસે બધી બહેનો ને ફ્રેન્ડશીપ બેન્ડ બાંધી ને એક ફ્રેન્ડ જેવો અહેસાસ કરાવ્યો હતો.

મારા માં હજી ઘણી બધી સ્કિલ છે હજી મને ઘણા બધા આઇડિયા આવે પણ હું એક્સિકઉટીવ નથી કરી શક્તિ હું વિસારું છું કે તેને કેવી રીતે અમલ કરું, મારે હજી ઘણું બધુ કરવું છે આ મારા સફર ની શરૂઆત છે એ પસી ભલે હું ગમે તે ફિલ્ડ માં આગળ વધુ. મને લીડરશિપ મળે છે, મારામાં આત્મ વિશ્વાસ વધ્યો છે, હું બોલી નથી સકતી આજે હું ઘણું બોલી શકું છું આ મને ગમે ત્યાં કામ આવે છે મારી પર્સનલ લાઇફ માં અને વ્યવસાઈકમાં મને કામ આવશે આવું વાતાવરણ બધે હોવું જોઈએ જેની અલગ રીતે ઓળખ ના હોય કે જે આવી રીતે સ્વીકૃતિ મળે.

દરેક વ્યક્તિ માં ઘણી બધી કુશળતા હોય છે પણ એ લોકોને તક મળતી નથી. પણ આજે મને તક મળી છે હું એવું ઇસુ છું કે દરેક ને તક મળવી જોઈએ પસી એ વ્યક્તિ જરૂર થી કેશે કે એ કેટલો સક્ષમ છે.

Blog by: Sangeeta Vaghela